For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : સતીષ જાદવ, હેમંત ડેરે)







## વલસાડના તિથલ દરિયાકિનારે પૂરના પાણી સાથે તણાઈ આવી દારૂની બોટલો

# દરિયામાં માછલી નહીં, દારૂની બોટલો પકડવા લોકોની દોટ

**પૂરના** પ્રવાહ સાથે લાકડાં અને કચરાની સાથે બિયર, વ્હિસ્કી અને વોડકાની બોટલો કિનારે પહોંચી

**બોટલો** વીણવા માટે લોકોની ભારે ભીડ ઊમટી, કેટલાક પ્રવાસીઓએ બીચ પર જ પાર્ટી કરી



વલસાડ : વલસાડમાં આવેલા ભારે પૂર બાદ તિથલનો દરિયાકિનારો હવે એક અનોખી ઘટનાને કારણે ચર્ચામાં આવ્યો છે. પૂરનાં પાણી સાથે દર વર્ષની જેમ આ વખતે પણ નદીઓમાંથી કાંપ, કચરો અને મોટી સંખ્યામાં લાકડાં

...અનુસંધાન પાના 5 પર

### બોટલો દમણ તરફથી કે પૂરની સ્થિતિમાં નદીમાં ફેંકાયા હોવાની આશંકા

તિથલના દરિયાકિનારે મોટી સંખ્યામાં દારૂની બોટલો તણાઈ આવતાં હવે તેના મૂળ અંગે પણ જાતજાતના તર્કવિતર્ક શરૂ થયા છે. દારૂની આ બોટલો દમણ તરફના દરિયામાંથી તણાઈને તિથલ સુધી પહોંચી હોવાની એક શક્યતા ચર્ચાઈ રહી છે. બીજી તરફ તાજેતરના ભારે વરસાદ અને પૂરના કારણે હાઈવે પર સર્જાયેલા ટ્રાફિકજામમાં દારૂનું વહન કરતું કોઈ વાહન ફસાયું હોય અને પકડાઈ જવાના ડરે વાહનચાલક કે અન્ય કોઈ વ્યક્તિએ દારૂનો જથ્થો નદીમાં ફેંકી દીધો હોય તેવી અટકળ પણ સ્થાનિક સ્તરે થઈ રહી છે.

## વરસાદના વિરામથી, ખાડીઓ ભયજનકથી નીચે છતાં પાણી ઓસરતા નથી

# 25 વિસ્તારો ચોથા દિવસે પણ પાણીમાં

**પાલિકાના** પાપે સારોલી ,કુંભારિયા-સણિયા હેમાદ અને ગોડાદરામાં એકથી ચાર ફૂટ પાણી

સુરત : શહેરમાં ખાડીપૂરની સમસ્યા સામે તંત્રના તમામ દાવા ફરી એકવાર પોકળ સાબિત થયા છે. સતત ચોથા દિવસે પણ મીઠી ખાડી અને આસપાસના વિસ્તારોમાં પાણીનો કબજો યથાવત રહેતાં લોકોનો રોષ હવે સાતમા આસમાને પહોંચી ગયો છે. સણિયા હેમાદ, ગોડાદરા, લિંબાયત, સારોલી અને કુંભારિયા જેવા વિસ્તારોમાં હજારો પરિવારો હજુ પણ જળબંબાકાર વચ્ચે જીવવા મજબૂર બન્યા છે, જ્યારે વહીવટી તંત્ર માત્ર પાણી ઉતરવાની રાહ જોતું નજરે

...અનુસંધાન પાના 5 પર

### 3423 લોકો હજુ આશ્રય સ્થાનમાં?

સુરત શહેરનાં લિંબાયત ઝોનમાંથી પસાર થતી મીઠી ખાડી દર વર્ષે ચોમાસાનાં પ્રારંભ સાથે જ વહીવટી તંત્ર માટે માથાનો દુઃખાવો સાબિત થઈ રહી છે. આ વર્ષે પણ એક જ પખવાડિયામાં બે વખત ખાડી પૂરની સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. નિચાણવાળા વિસ્તારોમાં ભારે

...અનુસંધાન પાના 5 પર




### આ વિસ્તારોના લોકો પાણીમાં રહેવા મજબૂર

**લિંબાયત :** પરવટ, ગીતાનગર, વિધાતા ટાઉનશીપ, શાંતિકુંજ, માધવબાગ, ઋષિવિહાર, ગોકુલનગર, વૃંદાવનનગર
**વરાછા :** મીઠી ખાડી કિનારે આવેલા સણિયા-હેમાદ ગામ, સારોલી ગામ, શુભમ ઈન્ડસ્ટ્રીઝ (સણિયા), મોડેલ ટાઉન પાર્ક

...અનુસંધાન પાના 5 પર

### ખાડીનાં લેવલ રાત્રે 8 વાગ્યે (મીટરમાં)

| ખાડી | ગઇકાલના | હાલના | ભયજનક |
|---|---|---|---|
| કાંકરા | 6.60 | 6.20 | 8.48 |
| ભેદવાડ | 6.90 | 5.90 | 7.20 |
| મીઠી | 9.10 | 8.60 | 9.35 |
| ભાઠેના | 6.70 | 6.00 | 8.25 |
| સીમાડા | 4.70 | 4.00 | 4.50 |

### ભેદવાડ અને મીઠી સહિત તમામ ખાડીઓ ભયજનકથી નીચે આવી ગઇ

શહેર અને ઉપરવાસમાં વરસાદના વિરામને કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. આજે કાકરાખાડીના જળસ્તરમાં 40 સેન્ટીમીટર, ભેદવાડમાં એક મીટર, મીઠીખાડીમાં પોણો મીટર, ભાઠેના ખાડીમાં પોણો મીટર અને સીમાડા ખાડીમાં પણ પોણા મીટરનો ઘટાડો નોંધાયો છે. આ તમામ ખાડીઓ ભયજનક સ્તરથી નીચે આવી ચૂકી છે. ભરતીના કારણે દરિયો પાણી લેતો નથી તેથી ખાડીના પાણી ઉતરવામાં વિલંબ થઇ રહ્યો હોવાનું તંત્રવાહકો જણાવી રહ્યા છે.

## 4 દિવસમાં પૂરમાં ડૂબી ગયેલી ચોથી વ્યક્તિનો મૃતદેહ મળ્યો

સુરત : શહેરમાં વરસાદ અને ખાડી પૂરની સ્થિતિ વચ્ચે ખાડીઓ તેમજ કેનાલમાંથી અજાણ્યા વ્યક્તિઓના મૃતદેહ મળવાની ઘટનાઓ સામે આવી રહી છે ગયા વખતે આવેલા ખાડીપૂરમાં પણ પાણીમાં ડૂબી જવાથી તેમજ કરંટ લાગવા સહિતના અલગ અલગ બનાવોમાં 40થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ફરી વખત હાલમાં શહેરમાં પૂરની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે અત્યારે પણ ખાડીઓમાંથી તેમજ પાણી ભરેલા ખાડા અને કેનાલમાંથી મૃતદે મળવાની ઘટનાઓ સામે આવી રહી છે દરમિયાન વધુ એક વખત આજે સવારે પરવટ પાટિયા ખાતે કેનાલમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવી છે.

# શનિવારે પણ ઘણી ટ્રેન રદ કેટલીક રી-શિડ્યુલ કરાઈ

**અનેક** ટ્રેન રદ થવાને કારણે રેક (કોચ સેટ) સમયસર પોતાનાં નિર્ધારિત સ્થળોએ પહોંચી શક્યા ન હતા

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં 23 અને 24 જુલાઈ દરમિયાન પડેલા મુશળધાર વરસાદને કારણે સુરત-વિરાર રેલવે વિભાગમાં અનેક સ્થળોએ ટ્રેક વોશઆઉટ અને માટીનું ધોવાણ થવાથી રેલ વ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો હતો. સેંકડો ટ્રેન રદ થવાને કારણે રેક (કોચ સેટ) સમયસર પોતાના નિર્ધારિત સ્થળોએ પહોંચી શક્યા ન હતા, જેની અસર શનિવાર, ૨૫ જુલાઈએ પણ જોવા મળી હતી. રેક ઉપલબ્ધ ન હોવાને કારણે અને લિંક રેક કલાકો મોડા પહોંચવાથી પશ્ચિમ રેલવેએ ઘણી ટ્રેન રદ કરવી પડી, આંશિક રીતે રદ કરવી પડી અને કેટલીક ટ્રેનને કલાકો સુધી રી-શિડ્યુલ કરવી પડી હતી.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોટાભાગની ટ્રેનો લિંક રેક 5 થી 17 કલાક સુધી મોડા પહોંચવાને કારણે પ્રભાવિત થઈ હતી. મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ અને દાદરથી દોડતી ઘણી મહત્ત્વપૂર્ણ ટ્રેનોને 1થી 9 કલાક સુધી મોડા રવાના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત, અગાઉ રદ કરાયેલી બાંદ્રા ટર્મિનસ-વેરાવળ એક્સપ્રેસ (19217) ને પુનઃ બહાલ કરવામાં આવી, જોકે તેને પણ અંદાજે સાડા પાંચ કલાક મોડી રવાના કરવામાં આવી હતી.

...અનુસંધાન પાના 5 પર

# રોજીરોટી અમે કમાઈ લઈશું, ખાડીપૂરની સમસ્યા ઉકેલો

**મગોબમાં** ધારાસભ્ય સંદીપ દેસાઇ અને કોર્પોરેટર દિનેશ રાજપૂરોહિત સામે પ્રજાએ આક્રોશ ઠાલવ્યો

ખાડીના પાણી રસ્તા અને સોસાયટીઓમાં ઘૂસી જતાં કંટાળેલા લોકોની મુલાકાતે ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ અને કોર્પોરેટર દિનેશ રાજપુરોહિત પહોંચ્યા ત્યારે સ્થાનિકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો અને તેમણે નેતાઓને ઘેરી લીધા હતા. કંટાળેલા રહીશોએ આક્રંદ સાથે અપીલ કરી હતી કે, એક તરફ કોરું અને અમારે ત્યાં ભરપૂર પાણી હોય છે, રોજીરોટી અમે જાતે કમાઈ લઈશું, બસ આ ખાડી પૂરની સમસ્યાનો કાયમી નિકાલ કરો. લોકોના ઉગ્ર રોષ વચ્ચે પરિસ્થિતિ શાંત પાડવાનો પ્રયાસ કરતાં કોર્પોરેટર દિનેશ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, તમારું તો એક પરિવાર ડૂબ્યું છે, પણ અમારા અહીં 3500 પરિવારો પ્રભાવિત થયા છે. તેથી તમારા કરતાં પણ વધુ દુઃખ અમને થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ ક્યાંય ભાગી નથી ગયા પણ લોકોની વચ્ચે જ હાજર છે અને આ જટિલ સમસ્યાના કાયમી ઉકેલ માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે.

## તાપીમાં ફરી મગરની દસ્તક, 20 વર્ષમાં 10 મગર પકડાયા

# અમરોલીમાં માછીમારોની જાળમાં ફસાયું મગરનું બચ્ચું

**ગ્રીન** ગાર્ડિયન ચેરિટેબલ ટ્રસ્ટની ટીમે તાત્કાલિક સ્થળે પહોંચી વન વિભાગને સોંપ્યું



સુરતઃ તાપી નદીમાં છેલ્લા કેટલાક દિવસોથી મગર દેખાયાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં કાંઠા વિસ્તારના રહેવાસીઓમાં ચિંતા વ્યાપી રહી છે. આ દરમિયાન રવિવારે સવારે અમરોલી વિસ્તારના છાપરા નજીક માછીમારોની જાળમાં અંદાજે અઢી ફૂટ લાંબુ મગરનું બચ્ચું ફસાઈ જતાં ભારે દોડધામ મચી હતી. ઘટનાની જાણ થતાં ગ્રીન ગાર્ડિયન ચેરિટેબલ ટ્રસ્ટની ટીમે સ્થળ પર પહોંચી સફળતાપૂર્વક રેસક્યુ કરી મગરના બચ્ચાને વન વિભાગને સોંપી દીધું હતું.

મળતી માહિતી મુજબ, વહેલી સવારે માછીમારો તાપી નદીમાં માછલી પકડવા માટે જાળ નાખી રહ્યા હતા. આ દરમિયાન જાળમાં માછલીના બદલે મગરનું બચ્ચું ફસાયું હતું. અચાનક મગરને જોઈ માછીમારો પણ ચોંકી ઉઠ્યા હતા. તેમણે વિલંબ કર્યા વગર ગ્રીન ગાર્ડિયન ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો. સવારે આશરે ૯ વાગ્યે ટ્રસ્ટના સ્વયંસેવકો જિગ્નેશ પટેલ, ચિરાગ પટેલ, અનિમેષ પટનાયક, અંકિત પટેલ અને

...અનુસંધાન પાના 5 પર

### વર્ષ-2006 પૂર પછીથી આજદિન સુધી પકડાયેલા મગરનો માહિતી

| વિસ્તાર | સંખ્યા | કદ (ફૂટ) |
|---|---|---|
| 1. વરિયાવ તળાવ | 2 | 4, 3.5ft |
| 2. અમરોલી ખાડી | 1 | 4.5 ft |
| 3. છાપરાભાઠા | 1 | 3.5 ft |
| 4. વાલક ખાડી | 2 | 5, 4ft |
| 5. સરથાણા ડ્રેનેજ | 1 | 6.5 ft+ |
| 6. લસકાણા ગામ | 1 | 5 ft+ |
| 7. મોટાવરાછા પાળો | 1 | 3.5ft |
| 8. અમરોલી | 1 | 1 ft+ |

# કોરોના પછી પહેલીવાર ગણદેવીમાં બે જ દિવસમાં 27નાં અગ્નિસંસ્કાર

**બીલીમોરામાં** પાણીના ભરાવાના કારણે અંતિમ સંસ્કાર માટે ગણદેવી કૈલાસધામ જવું પડ્યું


(તસવીર : કેરસી બારીયા)

બીલીમોરાઃ ગણદેવી તાલુકામાં અતિવૃષ્ટિ અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે લોકમાતાઓએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ચોતરફ પૂરના પાણી ફરી વળ્યા હતા. આ કારણે તાલુકામાં ભારે તારાજી સર્જાઈ છે. બીજી તરફ, પૂરના પાણીને પગલે બીલીમોરા સ્મશાનભૂમિની વ્યવસ્થા પણ ખોરવાઈ જતાં ગણદેવીના કૈલાસધામમાં માત્ર બે દિવસમાં ૨૭ મૃતદેહોના અગ્નિસંસ્કાર કરવાની ફરજ પડી હતી, જેને પગલે સ્થાનિકોને કોરોનાની ભયાનક યાદો તાજી થઈ ગઈ હતી.

પૂરના કારણે બીલીમોરા સ્મશાનભૂમિમાં અંબિકા નદીના પાણી ફરી વળ્યા હતા. ગેસ સગડીની ચેમ્બરોમાં પાણી ભરાઈ જવાને કારણે તેમજ અંતિમ સંસ્કાર માટે રાખવામાં આવેલા લાકડાં પલળી જતાં ત્યાં અગ્નિસંસ્કારની કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ હતી. આ પરિસ્થિતિને કારણે સ્વજનોને અંતિમ વિધિ માટે બીલીમોરાથી ૭ કિલોમીટર દૂર આવેલા ગણદેવી સ્મશાનગૃહ તરફ જવાની ફરજ પડી હતી. સામાન્ય સંજોગોમાં ગણદેવી સ્મશાનભૂમિમાં મહિને સરેરાશ પચાસ જેટલા મૃતદેહો આવતા હોય છે. પરંતુ બીલીમોરા સ્મશાન બંધ થવાના કારણે ગણદેવી સ્મશાનગૃહ પર અચાનક ભારે દબાણ આવી ગયું હતું. તેમજ પૂરને પગલે અપમૃત્યુ પણ વધ્યા હતા. જેને પગલે અહીં શુક્રવારે ૧૧ અને શનિવારે ૧૬ મળીને કુલ ૨૭ મૃતદેહો અંતિમ સંસ્કાર માટે આવ્યા હતા. અચાનક મૃતદેહોની સંખ્યા વધી જતાં સ્મશાનની બે ગેસ સગડી અને બે લાકડાની સગડીઓ સતત કાર્યરત રાખવી પડી હતી. ગણદેવી સ્મશાનભૂમિ ટ્રસ્ટમાં મસાણીયા તરીકે કાર્યરત બાબુભાઈ મોરારભાઈ પારધીએ કોરોના કાળ દરમિયાન પણ રાત-દિવસ જોયા વગર યાદગાર સેવાઓ આપી હતી. હાલ પૂરની આ વિકટ પરિસ્થિતિમાં પણ સતત ૨૭ મૃતદેહો આવતાં તેમને ફરી એકવાર અવિરત ઉજાગરા કરીને સેવા બજાવવાની ફરજ પડી છે.



# ઢોર ડબ્બામાં બેસી નોકરીએ જવા સુરતીઓ મજબૂર

**‘હમ** ડૂબેંગે લેકિન કંપની કો ડૂબને નહીં દેંગે.’: લોકોનો કટાક્ષ

સુરતઃ શહેરમાં ખાડી પૂરનો કહેર સતત ચોથા દિવસે પણ યથાવત રહેતાં પરવટ ગામ, મગોબ, મીઠી ખાડી, ગીતાનગર અને માધવબાગ સહિતના વિસ્તારોમાં 4થી 6 ફૂટ પાણી ભરાયેલા છે. આવી વિકટ સ્થિતિમાં રોજગારી બચાવવા માટે લોકો સુરત મહાનગરપાલિકાની ઢોર પકડવાની ગાડી (ઢોર ડબ્બા)માં બેસીને નોકરીએ જવા મજબૂર બન્યા છે. ટ્રેક્ટર, ટ્રક અને ઢોર ગાડીમાં ઠાંસોઠાંસ ભરાયેલા શ્રમિકોના દૃશ્યો સ્માર્ટ સિટીના વિકાસના દાવાની પોલ ખોલી રહ્યા છે. એક તરફ કંપનીઓ હાજરી માટે દબાણ કરી રહી છે તો બીજી તરફ પાણીમાં ગરકાવ લોકો જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે. સ્થાનિકો કટાક્ષ કરી રહ્યા છે કે, ‘હમ ડૂબેંગે લેકિન કંપની કો ડૂબને નહીં દેંગે.’ ચાર દિવસ બાદ પણ લોકોને સલામત બહાર કાઢવા પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે પાલિકાના આપત્તિ વ્યવસ્થાપન સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે અને ખાડી પૂરનો કાયમી ઉકેલ ક્યારે આવશે તેવો સવાલ ઉઠી રહ્યો છે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


સોળમી પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ
તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદાય જીવંત છે અને રહેશે. કદી ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ ઉદાર સ્વભાવ અને હસમુખો ચહેરો સદાય અમારી નજર સમક્ષ તરવરતો રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી સૌની પ્રાર્થના...
લિ.
મનોજભાઈ ચીમનભાઈ પટેલ
પ્રિતીબેન મનોજભાઈ પટેલ
રોનીલ મનોજભાઈ પટેલ
અંકુરભાઈ નટવરભાઈ પટેલ
શ્રેયા અંકુરભાઈ પટેલ
ધ્રુવાંશ અંકુરભાઈ પટેલ
ધ્રુવીલ અંકુરભાઈ પટેલ
તથા સમસ્ત પટેલ ટિફીન પરિવાર
સ્વ. રમણબેન ચીમનભાઇ પટેલ
સ્વ.તા.૨૬/૦૭/૨૦૧૦
સ્થળ : મંદિર મહોલ્લો, જીયાવ ગામ, સુરત.


શ્રી ખંભાતી ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું
દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ / પિતાશ્રી સ્વ. વિનોદકુમાર વાસુદેવભાઈ જરીવાલાનું તા. ૨૫-૦૭-૨૦૨૬ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના....
॥ સદ્‌ગતનું બેસણું ॥ તા. ૨૬-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૦ કલાકે રાખેલ છે.
॥ બેસણાનું સ્થળ ॥ શ્રી ખંભાતી ક્ષત્રિય જ્ઞાતિ પંચ ટ્રસ્ટ મહાત્માની વાડી, રૂસ્તમપુરા, સુરત.
લિ. સ્વ. વાસુદેવભાઈ સાકરલાલ જરીવાલા
ગં.સ્વ. હેમલતાબેન (રમીલાબેન) વિનોદકુમાર જરીવાલા
ધવલ વિનોદકુમાર જરીવાલા, કાશ્મીરા ભાવેશકુમાર જરીવાલા
પીનલ ધવલ જરીવાલા, મયુરી કૃણાલકુમાર જરીવાલા
હરશિવ ધવલ જરીવાલા, કિષ્ણા સાગરકુમાર હાર્ડવૈદ
સ્વ. વિનોદકુમાર વાસુદેવભાઈ જરીવાલા
સ્વ. તા. ૨૫-૦૭-૨૦૨૬
તિથિ- અષાઢ સુદ ૧૧
નિવાસસ્થાન:- બી-૭૦૪, નંદનવન એપાર્ટમેન્ટ, નગીનાવાડી સામે સુમુલડેરી રોડ, સુરત.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

આપના અણધાર્યા અવસાનથી લાલભાઈ મોર્નિંગ ગ્રુપના સર્વે સભ્યોને અત્યંત દુઃખ થયું છે. આપનો સરળ, હસમુખો અને મિલનસાર સ્વભાવ, નિઃસ્વાર્થ મિત્રતા તથા સૌ પ્રત્યેનો સ્નેહ અમારા હૃદયમાં સદાય અવિસ્મરણીય રહેશે. આપની ખોટ ક્યારેય પૂરી થઈ શકશે નહીં.
પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તથા શોકસંવટેટ પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શકિત અને ધૈર્ય પ્રદાન કરે તેવી અમારી હાર્દિક પ્રાર્થના.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ૐ
સ્વ. સુભાષભાઈ બાબુભાઈ પટેલ (પાંચીયા)
સ્વ. તા. ૨૩-૦૭-૨૦૨૬
લિ.
લાલભાઈ મોર્નિંગ ગ્રુપ